। 

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા સંચાલિત સંસ્થા/કચેરીઓના રિપેરીંગ માટે રૂ.૩૩૬.૭૨ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: મકમ/૧૦૨૦૨૦/૧૦૫૩૪/ન.બા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૧૦/૦૮/૨૦૨૦

## વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૩/૧૨/૨૦૧૯ના પત્ર ક્રમાંક: સસુખા/યજન/બકમ/૧૯-૨૦/૭૩૬

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૦૩/૦૪/૨૦૨૦ના પત્ર ક્રમાંક: સસુખા/યજન/બકમ/૧૯-૨૦/૯

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૯/૦૬/૨૦૨૦ના પત્ર ક્રમાંક: સસુખા/યજન/બકમ/૨૦૨૦-૨૧/૨૮

## પ્રસ્તાવના:-

નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:-(૧) પરના તા.૨૩/૧૨/૨૦૧૯ના પત્રથી તેઓ હસ્તકની સરકારી સંસ્થા/કચેરીઓના રિપેરીંગ કામ કરાવવા માટે રૂ.૫,૩૧,૪૭,૯૯૨ લાખની જોગવાઇ કરવા અન્વયે નવી બાબત વર્ષ ૨૦૨૦-૨૧ની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી.

સદરહુ નવી બાબત મંજૂર થતાં વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં રૂ.૪૮૩.૨૧ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. સદર બજેટ જોગવાઇ ધ્યાને લઇ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:-(૨) પરના તા.૦૩/૦૪/૨૦૨૦ના પત્રથી તેઓ હસ્તકની સરકારી સંસ્થાઓના રિપેરીંગ કામ કરાવવા માટે રૂ.૪૮૩.૨૧ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી.

સદરહુ મંજુર થયેલ નવી બાબત ૨૦૨૦-૨૧ અન્વયે અંદાજપત્રમાં જોગવાઇ થતાં નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૩) પરના તા.૨૯/૦૬/૨૦૨૦ના પત્રથી તેઓ હસ્તકની સરકારી સંસ્થાઓના રિપેરીંગ કામ કરાવવા માટે અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇમાંથી રૂ.૧૪૬.૪૯ લાખની જોગવાઇ ઘટાડીને રૂ.૩૩૬.૭૨ લાખનો ખર્ચ કરવાની વહિવટી મંજુરી આપવા બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:-(૧) પરના તા.૨૩/૧૨/૨૦૧૯ના પત્રથી તેઓ હસ્તકની સરકારી સંસ્થા/કચેરીઓના રિપેરીંગ કામ કરાવવા માટે રૂ.૫,૩૧,૪૭,૯૯૨ લાખની જોગવાઇ કરવા રજુ કરેલ નવી બાબત અન્વયે વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં મંજુર રહેલ રૂ. ૪૮૩.૨૧ લાખની નવી બાબતની જોગવાઇ અન્વયે સુચવેલ ઘટાડા મુજબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની વંચાણે લીધેલા ક્રમાંક:-(૩) પરની

તા.૨૯/૦૬/૨૦૨૦ની દરખાસ્તના અનુંસધાને તેઓ હસ્તકની સરકારી સંસ્થાઓના રિપેરીંગ કામ કરાવવા માટે અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇમાંથી રૂ.૧૪૬.૪૯ લાખની જોગવાઇ ઘટાડીને રૂ.૩૩૬.૭૨ લાખનો ખર્ચ કરવાની નીચે જણાવેલ શરતોને અધિન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની માર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નકશા અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. બાંધકામના કામોમાં P.W.D મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૫) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૭) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પુરતી તકેદારી રાખવાની રહેશે.

(૮) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને અધિન ચાલુ તથા આગામી નાણાંકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) ઉક્ત નવી બાબતની વહિવટી મંજુરી અન્વયે નાણા વિભાગના કરકસર અંગેના ૦૬/૦૬/૨૦૨૨૦ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ સુચનાઓ અનુસાર ખર્ચ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૫) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ પાડવાનો રહેશે.
માંગણી નંબર-૮૪, સેકટર-ખ સામાજિક સમુહ સેવાઓના મુડી હિસાબ
પેટા સેકટર-છ સમાજ કલ્યાણ અને પોષણ મુખ્ય સદર - ૪૨૩૫ સામાજિક
અને કલ્યાણ અંગે મુડી ખર્ચ. મુખ્ય પેટા સદર- ૨૦૧- પુન:સ્થાપન, ગૌણ સદર
- ૪૨- મકાનો, પેટા સદર મકાન (માર્ગ અને મકાન)૫૩૦૦ મોટા કામ

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૭/૦૭/૨૦૨૦ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. બી. વણઝારા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેક્શન અધિકારીશ્રી છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે સરકારી સંસ્થાઓ:- (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં. ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં છ- શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેક્ટ ફાઇલ